અપીલ અરજી નં.૪૨૦ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મનસુર એ. ગોગદા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુર એ. ગોગદાની તા.૨૯–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ઉધના ઉદ્યોગનગર સ્થિત સંજયનગર ઝુંપડપટ્ટી (ભાગ નં.૧,૨ એમ.જી. રોડ નં.૦ થી ૬ વચ્ચે) પર આવેલ વસાહતને સ્થળાંતર રૂપે લોકભાગીદારીમાં કોઈ ઠરાવ કરવામાં આવેલ છે કે કેમ? જો સ્થળાંતર માટેના કોઈ ઠરાવ પસાર થયેલ હોય તો તે ઠરાવની નકલ આપવી વિ.મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૦/૨૦૧૦–૧૧.

શ્રી મનસુર એ. ગોગદાની તા.૨૯–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ઉધના ઉદ્યોગનગર સ્થિત સંજયનગર ઝુંપડપટ્ટી (ભાગ નં.૧,૨ એમ.જી. રોડ નં.૦ થી ૬ વચ્ચે) પર આવેલ વસાહતને સ્થળાંતર રૂપે લોકભાગીદારીમાં કોઈ ઠરાવ કરવામાં આવેલ છે કે કેમ? જો સ્થળાંતર માટેના કોઈ ઠરાવ પસાર થયેલ હોય તો તે ઠરાવની નકલ આપવી વિ.મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે મળેલ માહિતીમાં મુદ્દા નં.૨,૩,૬ ની માહિતી મળેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૩માં સંબંધકર્તા જાહેર સત્તામંડળને તબદીલ કરેલ છે કે કેમ? તે જણાવવા વિશેષતઃ ઉધનાઝોન ખાતેથી મુદ્દા નં.૨ અને ૩ સિવાયના મુદ્દા અંગે તબદીલી ધ્યાને લેતાં તે અંગેની વિગતો તથા મુદ્દા નં.૬ અંગે લેન્ડ રેકર્ડ કક્ષાએ કોઈ તબદીલી હોય તો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫ તા.૨–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧ તા.૧૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ઈ.ચા. ડે.કમિ.(સી) તરફથી પત્ર નં.એસયુસી/૧૭૯૯ તા.૩–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) ને મુદ્દા નં.૧ તથા ૫ માટે તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૨૭ તા.૨૭–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ અંશતઃ મુદ્દા નં.૮ અંગે તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૫૨૫૮ તા.૨૧–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજીથી ઉધના ઉદ્યોગનગર સ્થિત આવેલ સંજયનગર ઝુંપડપટ્ટી ભાગ–૧–૨, એમજી. રોડ નં.૦ થી ૬ વચ્ચે ના સ્થળાંતર બાબતે મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૭૨૬ તા.૨૪–૨–૧૧ થી ડે. ટાઉન પ્લાનર શહેર વિકાસને ઘણા વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જયારે પત્ર નં.સા.ઝોન/ટેક./૭૨૭ તા.૨૭–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ અંશતઃ મુદ્દા નં.૮ અંગે પણ અઘટિત વિલંબથી તબદીલ કરેલ છે. જે ઈ.ચા. ડે.કમિ.(સી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એસયુસી/૧૭૯૯ તા.૩–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) ને મુદ્દા નં.૧ તથા ૫ માટે તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૭૨૮ તા.૨૪–૨–૧૧ થી તથા પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૬૯૨ તા.૧૭–૨–૧૧ થી મુદ્દા નં.૪ અંગે માહિતી આપવામાં આવેલ છે. જયારે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૨૫૮ તા.૨૧–૩–૧૧ થી વિલંબિત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ ઉધના ઉદ્યોગનગર સ્થિત સંજયનગર ઝુંપડપટ્ટી (ભાગ નં.૧,૨ એમ.જી. રોડ નં.૦ થી ૬ વચ્ચે) પર આવેલ વસાહતને સ્થળાંતર રૂપે લોકભાગીદારીમાં કોઈ ઠરાવ કરવામાં આવેલ છે કે કેમ? જો સ્થળાંતર માટેના કોઈ ઠરાવ પસાર થયેલ હોય તો તે ઠરાવની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ઉધના ઉદ્યોગનગર સ્થિત આવેલ સંજયનગર વસાહતને સ્થળાંતર રૂપે લોક ભાગીદારીમાં કોઈ ઠરાવ થયેલ નથી તેથી નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદર વસાહતમાં ૪ થી ૬ મહીના અગાઉ પુનઃ વસવાટ માટેના સ્થાનિક રહેવાસીઓના વેરાબીલોના આધારે ફોર્મ ભરવામાં આવેલ હોય જેની ફોર્મ દીઠ રૂા.૨૫/– ઝોન ધ્વારા વસુલાત કરવામાં આવેલ હતા તેના ઠોસ કારણો તેમજ તેની કાયદેસરતા કેટલી ? મુદ્દા નં.(૩) સદર વસાહતના મુળ માલિકોના નામ સરનામા, ફોન નંબર તેમજ ૭/૧૨ આપવા ૮/અ ની નકલો આપવી. તથા જયારે ત્યારે ફોર્મ ભરવામાં આવેલ તે કોઈ ડેવલપર સુમનપા અથવા જમીનના મુળ માલિકો ધ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે કે કેમ? તે તમામ વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ ટેક./૭૨ તા.૨૪–૨–૧૧ થી મુદ્દા નં.૩ થી સૂચિત કરેલ માહિતી ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સદર વસાહતમાં આપના રેકર્ડ અથવા વેરાબીલના આધારે કેટલા મકાનો(ઝુંપડા) આવેલ તથા ઝુંપડા સિવાયની બીજી કઈ કઈ મિલ્કતો આવેલ છે તેની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૯૨ તા.૧૭–૨–૧૧ થી ઉધનાઝોનના આકારણી દફતરે ચકાસણી કરતાં સંજયનગર

વિભાગ–૧–૨ મળી કુલ ૧૮૧૪ મકાનો (ઝુંપડા) ઉમા ઈન્ડ., સોસા., રિધ્ધિ સિધ્ધિ એપાર્ટ અને ગોગા ફલેટ વિગેરે મળી કુલ ૯૩ મિલ્કત દાખલ છે તેવું જણાવેલ છે. (૫) ઉપરોકત વસાહત જો કોઈ રીડેવપલમેન્ટ કરવાના જો કોઈ ઠરાવો થયા હોય તો પુનઃ વસવાટ માટે બનાવવામાં આવનાર જગ્યાનું એડ્રેસ, મકાનનું ક્ષેત્રફળ સહિતના લે આઉટ પ્લાનની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી સદર વસાહતને રીડેવલપમેન્ટ કરવા કોઈ ઠરાવ થયેલ નથી પરંતુ સ્લમ રીહેબીલીટેશન સ્કીમ હેઠળ ડેવલપર ધ્વારા રજૂ થયેલ પ્લાનની સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુરી આપવામાં આવેલ જે પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ ફી પેટે રૂા.૬૮૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. (૬) જયારે રીડેવલપમેન્ટ ના નામ પર ફોર્મ ભરવામાં આવેલ હતા તે રીડેવલપમેન્ટની પ્રક્રિયા હાલ કયાં સુધી છે અને કયા સંજોગોને કારણે વિલંબિત થઈ રહી છે તેની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મધ્યસ્થ શહેર વિકાસ ખાતે કોઈ માહિતી નથી તેવું જણાવેલ છે તેમજ પૂરક વિગતોમાં રીડેવલપમેન્ટ સ્કીમ હેઠળ ફોર્મ ભરવાની કામગીરી ઝોન કચેરીએથી કરવામાં આવતી હોય જેની મધ્યસ્થ શહેર વિકાસ ખાતે કોઈ માહિતી નથી તેવું પણ જણાવેલ છે. (૭) સદર સ્થળમાં આવતી સંજયનગર ઝુંપડપટ્ટી ભાગ–૧/૨ માં કુલ કેટલા ચી.મી. સાથે કેટલી ક્ષેત્રફળની જમીન છે અને પુનઃ વસાહત માટે બનાવવામાં આવનાર બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં બનાવવામાં આવનાર છે જેની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી સ્લમ રીડેવલપમેન્ટ સ્કીમ હેઠળ રજૂ થયેલ મોજે ઉધના રે.સ. નં.૬૦ થી ૬૬/ પૈકી વાળી જમીનનું કુલ ક્ષેત્રફળ ૬૩૫૫૨.૦૦ ચો.મી. છે તેમજ રીહેબીલીટેશન યોજના હેઠળ સદરહુ જમીનમાં પુનઃ વસાહત માટે બનાવવામાં આવનાર બાંધકામ માટેની જમીનનું ક્ષેત્રફળ ૨૭૦૮૦.૦૦ ચો. મી. છે. તેવું જણાવેલ છે. (૮) સદર વસાહત રીડેવલપમેન્ટના નામ પર સ્થળાંતર ઠરાવ હોય તો તેમાં સુમપા રાજય સરકાર અથવા કેન્દ્ર સરકારની શું ભૂમિકા છે કોઈ ભૂમિકા છે કે કેમ? તેની પણ વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી સ્લમ રીડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સ્થળાંતર કરવા બાબતે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકારની કોઈ ભૂમિકા નથી. પરંતુ સુરત મહાનગરપાલિકાની કામગીરી બાબતે રાજય સરકારના તા.૧૪–૯–૦૭ ના નોટીફીકેશનની નકલના પાના નંગ–૪ રૂા.૨/– લેખે રૂા.૮/– ભરપાઈ કર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૨,૩ અને ૬ ની માહિતી મળેલ નથી તથા મુદ્દા નં.૮ ની માહિતી માટે નાણા ભરવા સૂચન સમય મર્યાદા પછી કરવામાં આવેલ છે તેવું જણાવી તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે સા.ઝોન/ટે./૭૨૮ તા.૨૪–૨–૧૧ થી મુદ્દા નં.૩ થી સૂચિત કરેલ માહિતી ઉધનાઝોનના રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ જણાતી નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારને મુદ્દા નં.૨ તથા ૬ ની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે તે અંગે કોઈ તબદીલી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી તેઓ પાસે કોઈ માહિતી ન હોવાનું તથા રીડેવલપેમન્ટ હેઠળના ફોર્મ ભરવાની કામગીરી ઝોન કચેરીએથી કરવામાં આવતી હોવાનું પણ જણાવેલ છે તથા અરજદારે મુદ્દા નં.૮ ની માહિતીના નાણા ભરવાનું સૂચન સમય મર્યાદા પછી કરેલ છે તેવી રજૂઆત કરેલ છે જેથી જાહેર માહિતી અધિકારીએ તેવું સૂચન સમય મર્યાદા બાદ ટીડીઓ નં.૫૨૫૮ તા.૨૧–૩–૧૧ થી કરેલ હોઈ જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસે રાજય સરકારશ્રીના તા.૧૪–૯–૦૭ ના નોટીફીકેશનની નકલ વિના મૂલ્યે પૂરી પાડવાની થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૬ અંગેની જાહેર માહિતી અધિકારી સાઉથઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મુદ્દા નં.૮ અંગે નાણા ભરવાનું સૂચન સમય મર્યાદા બાદ કરેલ હોઈ રાજય સરકારશ્રી ના તા.૧૪–૯–૦૭ ના નોટીફીકેશનની નકલ વિના મૂલ્યે પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મનસુર એ. ગોગદા